THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતર્દૃષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-6 December–2021 No. 55

## અનુક્રમણિકા

1. ડૉ. જ્યોર્જ સીડની એરૂન્ડેલ ......................શ્રી હર્ષવદન શેઠ 3
2. ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ ...............શ્રી ધવલ શેઠ 5
3. સત્ય મીમાંસા ........................................શ્રી સતીષકુમાર મોદી 7
4. ઈશ્વરને જાણ્યા પછી
કંઈ જાણવાનું બાકી રહેતું નથી .................શ્રી ભરત ચુડાસમા 9
5. પ્રેમાવતાર ભગવાન ઈસુ ...........................શ્રી જયંતિલાલ અઢીયા 11
6. સાગર પંખી ..........................................શ્રીમતિ પરવીન પટેલ 13
7. ૧૪૬મું આંતરરાષ્ટ્રીય કન્વેન્શન .................. 16
8. સ્વ. વીરાબેન સ્મૃતિ શિબિર અંગેની જાહેરાત . 17
9. શાખા સમાચાર ....................................... 19
10. આપણો પુસ્તક પ્રેમ ................................. 20

Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Published & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. – તંત્રી

# થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, ''હોમી હાઉસ'' ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

### ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી** ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**

મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી** સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**

ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

☛ બુક સ્ટોલ મેનેજર ☚

શ્રી પ્રવિણભાઈ માંડલિયા, ભાવનગર લોજ, મો. : ૯૪૨૬૧૬૪૫૫૭
"હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧.

| | |
|---|---|
| નવા સભ્ય પ્રવેશ ફી | રૂ.૧૦૦/- |
| સભ્ય ફી | રૂ.૧૫૦/- |
| ૨૫ વર્ષથી ઓછી ઉંમરના સભ્ય ફી | રૂ.૭૫/- |
| લાઈફ મેમ્બર ફી | રૂ.૩૦૦૦/- |
| ઈન્ડિયન થિયોસાફીસ્ટ | રૂ.૩૦/- |
| થિયોસોફિક જ્યોતિ | રૂ.૧૦/- |

### ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૯૦૪, ધરતી સાકેત હાઈટ્સ, શુકન ગ્લોરી સામે,
આનંદ સફાયર પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ — ૩૮૨ ૪૮૧
મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪
E-mail-gtfsecretory@gmail.com

### થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર
શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા
એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩
(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨

### "થિયોસોફિક જ્યોતિ"ના લવાજમના દર

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન (મર્યાદા ૧૦ વર્ષ) | રૂ.૧૦૦૦/- |

### "થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફ્ટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
મો. — ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

**GTF Jyoti Prakashan Fund**


Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 01360)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# ડૉ. જ્યોર્જ સીડની એરૂન્ડેલ


સંપાદકીય

પ્રસ્તુતિ
શ્રી હર્ષવદન શેઠ



ડૉ. જ્યોર્ડ સી. એરૂન્ડેલ

ડિસેમ્બર મહિનામાં ડૉ. જ્યોર્જ સી. એરૂન્ડેલને યાદ કરીએ અને પ્રેરણા પામીએ. તેમનો જન્મ ૧લી ડિસેમ્બર, ૧૮૭૮ના દિવસે ઇંગ્લેન્ડના સરે ખાતે થયેલો. એમના જન્મની કથા દુઃખદ હતી, કારણ કે તેમના જન્મ પછી તેમની માતા મૃત્યુ પામેલાં. તેમના માસી ફ્રાન્સેસ્કા એરૂન્ડેલે તેમને ઉછેર્યા. બાળક જ્યોર્જની તબિયત માતાનું પોષણ નહીં મળવાથી સારી રહેતી નહોતી. માસીના અગાધ પ્રેમને લીધે જ ડૉ. એરૂન્ડેલમાં પ્રેમ, દયા, સહાનુભૂતિ વગેરે સદ્‌ગુણોનું સિંચન થયું. ફ્રાન્સેસ્કા એરૂન્ડેલનાં ઘરનું વાતાવરણ આધ્યાત્મિક હતું. તેમને ત્યાં મેડમ બ્લેવેટ્સ્કી ઘણીવાર આવીને




ડૉ. જ્યોર્જ એરૂન્ડેલ સાથે પત્ની રૂકમિની એરૂન્ડેલ

રહેતા હતા. પાંચ વર્ષનાં જ્યોર્જને "My Young Child" કહીને સંબોધતા. આમ આધ્યાત્મિક સંસ્કારો તેમનામાં ખીલતાં ગયાં. કોમ્બ્રીજમાં અભ્યાસ કર્યો, ત્યાં પૂર્વનાં ઘણાં વિદ્યાર્થીઓનો પરિચય થયેલો. એમાનાં મુખ્ય સી. જીનરાજદાસ અને પ્રિન્સિપાલ પરાંજપે હતા. ૧૯૦૨માં એમણે એમ.એ.એલ.એલ.બી.ની ઉપાધી સાથે અભ્યાસ પૂરો કર્યો. અભ્યાસ બાદ પેરિસ ગયાં. ઐતિહાસિક સંશોધનનું કાર્ય કર્યું. બ્રિટીશ મ્યુઝિયમમાં પણ થોડો વખત કાર્ય કર્યું. પોતે ઘણી પ્રવૃત્તિઓ કરતા રહ્યાં છતાં સંતોષ થતો નહીં. સોલિસીટર થયાં, પત્રકાર બન્યાં, લંડન ડેઈલી મેઈલમાં થોડો વખત કામ કર્યું. કશાયમાં બહુ રસ પડ્યો નહીં, છેવટે ૧૯૦૨માં ક્વિન્સ હોલમાં ડૉ. બેસન્ટનું અતિ સુંદર અને વિશ્વવિખ્યાત પ્રવચન "થિયોસોફી અને શાહીવાદ" વિષે સાંભળ્યું.

એરૂન્ડેલની આંખોમાં નવું તેજ આવ્યું. અનેક જન્મોનાં માતા અને ગુરુ જાણે તેમને મળી ગયા. ડૉ. બેસન્ટનાં ચરણોમાં પોતાનું જીવન અર્પણ કરી દીધું. એમણે પ્રતિજ્ઞા લીધી કે, "જ્યાં તું જઈશ ત્યાં હું આવીશ, જ્યાં તું રહીશ ત્યાં હું રહીશ. તારા માણસો એ મારા માણસો થશે. તારો પ્રભુ મારો પ્રભુ બનશે. જ્યાં તું મરીશ ત્યાં હું મરીશ. જ્યાં તું દટાઈશ ત્યાં જ હું પણ દટાઈશ."

કેવી અનોખી એમની ઝંખના હતી ! જ્યારે તેમનું અવસાન ૧૨મી ઓગષ્ટ, ૧૯૪૫ના રોજ થયું ત્યારે

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**
**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**



ડૉ. જ્યોર્ડ એરૂન્ડેલ અંતિમ વર્ષોમાં

ડૉ. બેસન્ટનો જ્યાં અગ્નિ સંસ્કાર થયેલો એ જ જગ્યાએ તેમનો પણ અગ્નિ સંસ્કાર થયેલો. આ જગ્યાને આજે આપણે અડ્યારનાં 'ગાર્ડન ઓફ રિમેમ્બરન્સ' તરીકે જાણીએ છીએ.

૧૯૦૩માં ડૉ. બેસન્ટનાં આદેશથી તેઓ માતૃભૂમિ છોડીને હંમેશ માટે ભારત આવ્યા. બનારસ સેન્ટ્રલ હિન્દુ કોલેજનું સૂકાન એમના હાથમાં આવ્યું. ૧૦ વર્ષ સુધી પોતાની જ્વલંત કારકિર્દીનો કેળવણી ક્ષેત્રે પરિચય કરાવ્યો. મૌલિક પ્રયોગો કર્યા. જે વિદ્યાર્થીઓ તેમના હાથ નીચે ભણી ગયાં તેઓ સમાજમાં બહુ મોટા સ્થાને પહોંચ્યાં. ૧૯૧૩ બાદ ડૉ. બેસન્ટનાં હોમરૂલ લીગની ચળવળમાં ઉત્સાહ અને ધગશથી કાર્ય કર્યું. ૧૯૧૦માં તેઓ ડૉ. બેસન્ટ સાથે નજરકેદ પણ રહ્યાં. એમનાં ગુરુનો જે કંઈ પણ આદેશ થાય તેમાં પૂર્ણ આનંદથી પોતાની જાતનું સ્વાર્પણ કરતા.

૧૯૨૦માં શ્રીમતિ રૂકમિની દેવી સાથે પરણ્યાં. શ્રીમતિ રૂકમિની દેવીનાં જીવન, વિકાસ અને કળા વિકાસમાં ડૉ. એરૂન્ડેલનો મહત્ત્વનો ફાળો હતો. ડૉ. બેસન્ટનાં અવસાન પછી ૧૯૩૪ થી થિયોસોફિકલ સોસાયટીનાં આંતર્રાષ્ટ્રીય ત્રીજા પ્રમુખ તરીકેની જવાબદારી બાર વર્ષ સુધી નીભાવી. જગતભરમાં પ્રમુખ તરીકે ઘણાં પ્રવાસો કર્યા. તેમનામાં ડૉ. બેસન્ટ દ્વારા મળેલો નીડરતાનો ગુણ બરાબર ઉતરેલો. પોતે પોતાના અંતરાત્માને વફાદાર રહેતાં.

એમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. પ્રેરક પત્રિકાઓ પણ બહાર પાડી છે. યુવાનો અને શિક્ષકોને માર્ગદર્શક થઈ પડે તેવાં પુસ્તકો 'યુથ સ્પીરીટ' અને 'બેડરોક ઓફ એજ્યુકેશન' છે. 'એજ્યુકેશન એઝ સર્વિસ' પુસ્તક તો શિક્ષણ ક્ષેત્રની ગીતા જેવું છે. 'ગોડ્સ ઈન બિકમીંગ'ના બે વિભાગોમાં એમણે શિક્ષકોને બાળકોનાં સ્વભાવ પરિક્ષણ માટેનું માર્ગદર્શન આપ્યું છે. 'લોટસ ફાયર'માં સાંકેતિક ચિંતન દ્વારા જીવ, જગત અને ઈશ્વરનાં અનેક રહસ્યો પ્રગટ કર્યા છે. 'You' પુસ્તક દ્વારા યુવાન વર્ગને આકર્ષક કરીને બ્રહ્મવિદ્યાનાં સિદ્ધાંતો સમજાવ્યાં છે. ડિસેમ્બર માસમાં ડૉ. એરૂન્ડેલને યાદ કરીને ચાલો આપણે સૌ અનોખી પ્રેરણા પ્રાપ્ત કરીએ.

• • •

---

(ધી હિડન સાઈડ..... પાના-૦૬ ઉપરથી ચાલુ)

આપવી જ જોઈએ. તેણે જણાવ્યું કે તે દુનિયા માટે અનેકવાર જીવી છે અને મૃત્યુ પણ પામી છે અને હજુ એકવાર તેની સેવામાં પોતાનું બલિદાન આપવા માટે તત્પર છે. તેના માર્ગદર્શકે પાછળથી તેને જણાવ્યું કે તેની વાક્છટા તે વખતે ખૂબ જ અદ્ભૂત હતી, તેની વિનંતી સાંભળ્યા બાદ તે પરિષદમાં અમુક મતમતાંતરો પેદા થયા પરંતુ અંતે તેની પ્રાર્થનાનો બહુમતીથી સ્વીકાર થયો. તેમણે તે સ્ત્રી અને તેના માર્ગદર્શકને મદદ મોકલવાનું નક્કી કર્યું કે જેથી તેઓ દુનિયા માટે કાર્ય કરી શકે. "સ્વર્ગની પરિષદ"નાં આ દશ્ય પાછળ રહેલી સચ્ચાઈનું પરિક્ષણ ખૂબ જ રસપ્રદ છે, તેનું આગળ જતાં વર્ણન કરવામાં આવશે. ત્યારબાદ તે સ્ત્રીને એવાં દશ્યો દેખાવાનાં શરૂ થયાં કે જે થોડાં થિયોસોફીનાં સાહિત્ય અને તેના અભ્યાસ સાથે જોડાયેલાં હતાં. (ક્રમશઃ...)

(મો. : ૮૯૮૦૯૪૨૫૧૫)

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ

વસ્તુઓની ગૂઢબાજુ

સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ
શ્રી ધવલ શેઠ
રોહિત લૉજ

*ગતાંકથી આગળ...*

## ન દેખાતાં લોકોની આપણા પર અસર

### સંવેદનશીલ લોકો

દિક્ષાની શરૂઆત માટે તેને એક એવા ઓરડામાં પથારી કરીને સુવાની સૂચના આપવામાં આવી કે જ્યાં તેને કોઈ અડચણરૂપ ન બને. ત્યારબાદ તે માર્ગદર્શકે તેને સ્વામી વિવેકાનંદ દ્વારા શીખવાડવામાં આવેલાં યોગનાં શ્વાસોચ્છવાસ મુજબ શ્વાસ લેવાનું કહ્યું. તેણે તે સ્ત્રીને જણાવ્યું કે તેની આગળની તાલિમનાં લીધે તેની કુંડલિની શક્તિ સોલર પ્લેક્ષસ સુધી પહોંચેલી હતી અને હવે તેણીએ તેને દિમાગ સુધી પહોંચાડવાની હતી. તેના માટે તે વ્યક્તિ તેને મદદ અને માર્ગદર્શન આપશે.

તે સ્ત્રીના વર્ણન મુજબ આ પ્રક્રિયામાં જે દર્દ થતું હતું તે પ્રસુતિની પીડા સમાન હતું. ફરક માત્ર એટલો જ હતો કે પીડા કરોડરજ્જુમાં થતી હતી અને જાણે જન્મ મગજમાં થતો હોય તેમ જણાતું હતું. ઘણી બધી વાર દર્દ એટલું અસહ્ય બની જતું હતું કે તે સ્ત્રી આ પ્રક્રિયામાંથી ભાગી જવા માંગતી હતી, પરંતુ તેનો માર્ગદર્શક સતત તેને હિંમત આપતો રહ્યો. તેણે તેને અંત સુધી જવા માટે પ્રોત્સાહન આપ્યું અને અંતે તે સફળ થઈ અને જન્મ આપવાની આ પ્રક્રિયા એટલી સાચી લાગતી હતી કે તે સ્ત્રીને એવું લાગ્યું કે તેણે તેના બાળકને જન્મ આપ્યો હોય. આ પ્રક્રિયાની સફળતા બદલ માર્ગદર્શકે ઈશ્વરનો આભાર માન્યો.

આ અસામાન્ય અનુભવ તો તેને હવે પછી જે શાનદાર દશ્યો દેખાવાના હતાં તેની પ્રસ્તાવના માત્ર જ હતો. પાર્થિવ જગતનાં સમય મુજબ આ દશ્યો બાર દિવસ સુધી દેખાવાનાં હતાં. આ દશ્યો અમુક રીતે તે સ્ત્રીનાં વ્યક્તિગત જીવન મુજબનાં હતાં અને અમુક રીતે સામાન્ય સૂચનો પ્રમાણેનાં હતાં. તેમ છતાંય તેઓ રસપ્રદ અને પ્રભાવશાળી હતાં. આ દશ્યોનો વ્યક્તિગત જીવન સાથે જોડાયેલો ભાગ તેનાં ''સ્વર્ગની પરિષદ'' સાથેનાં સંબંધો પરથી પ્રેરીત હતો. તેની સાથે અમુક સાંકેતિક દશ્યો પણ ઉમેરાયેલાં હતા કે જેમાં પાર્થિવ જગતમાં તે સ્ત્રી સાથે જોડાયેલા વ્યક્તિઓ તે દુનિયા બનાવતાં હતાં કે જેને બચાવવા માટે તે સ્ત્રી પ્રયત્નો કરી રહી હતી અને એક શેતાન જેવો કટ્ટર દુશ્મન પણ હતો કે જે તેને રોકી રહ્યો હતો. આ તે સ્ત્રી માટે પણ આશ્ચર્યજનક હતું. કારણ કે ઘણાં વર્ષોથી તેણે શેતાન વિષેની માન્યતાઓ અથવા તો 'મુક્તિ'ની જરૂરિયાત વિષેની વાતો માનવાનું છોડી દીધું હતું.

આ દશ્યોનો સામાન્ય સૂચનો સાથે જોડાયેલો ભાગ થિયોસોફિકલ હતો અને તે મુખ્ય રીતે જુદી જુદી મૂળભૂત માનવ-પ્રજાતિઓનાં ઉદ્‌ભવ અને તેમની ઉત્ક્રાંતિને દર્શાવતો હતો. આ દશ્યોનાં પ્રથમ ચરણને તે સ્ત્રીએ આ પ્રમાણે વર્ણવ્યું :

**સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર**

"પછી મેં એક અદ્‌ભુત દશ્ય જોયું. સૌ પ્રથમ તો મેં અંધકારની અંદર એક વિશાળ અંધકાર જોયું કે જે જાણે યુગો યુગોથી હોય તેવું લાગતું હતું. પછી થોડી હલચલ થઈ અને તે વિશાળ અંધકારમાં એક સ્વપ્ન સમાન હતી. ધીરે ધીરે આ હલચલ વધતી ગઈ અને અંતે એક ચોક્કસ વિચારનો ઉદ્‌ભવ થયો. ધીરે ધીરે સતત બદલાતાં જુદાં જુદાં રૂપો દેખાવાના શરૂ થયાં. આ બધું જ અંધાધૂંધી જેવુ હતું. આ અંધાધૂંધીની વચ્ચે પણ રૂપો હતાં અને બધું એક જ હતું. વિશ્વની રચના કરવી મુશ્કેલ જણાતી હતી. એવું જણાતું હતું કે આ બધાં રૂપોને એક કરીને ચોક્કસ રીતે વ્યવસ્થાને વિકસાવવાનું દર્દ અને તેની જવાબદારી માત્ર ઈશ્વર જ સહન કરી રહ્યાં હતાં. આ બધું ઘણાં લાંબા સમય સુધી ચાલ્યું. આ એક જન્મની પ્રક્રિયા જેવું જ હતું કે જેનાં પરિણામો વિશાળ અને ગૌરવભર્યા હતાં."

"મને ખ્યાલ નથી કે મેં સૌ પ્રથમ આત્માઓને જોવાનું ક્યારે શરૂ કર્યું. તે અદ્‌ભૂત દશ્યોની શરૂઆતમાં જ હોવું જોઈએ કેમ કે મને યાદ છે કે તેઓ અંધાધૂંધી અને રૂપોની વચ્ચે પણ કેવા આલગ દેખાતાં હતાં. આ રૂપો આત્માઓને ગળી જાય છે અને પોતે પણ આત્મા બની જાય છે. આ આત્માઓ અંડાકાર હતી તેમજ અલગ અલગ નાના તેમજ મોટાં કદની હતી, પરંતુ કોઈપણ આત્મા એટલી મોટી તો નહોતી જ કે જે દશ્યોની આ હારમાળામાં પાછળથી દેખાવાની હતી."

"થોડાં સમય પછી દશ્યો બદલાયા અને દુનિયાએ જાણે મારા વિચારોને અનુરૂપ આકાર લીધો. એક પછી એક સંકેતો પસાર થવાં લાગ્યાં કે જેમાં ઈતિહાસનાં અને પૌરાણિક કથાઓનાં સંકેતોનો સમાવેશ થતો હતો. લાખોની સંખ્યાઓમાં છબીઓ પસાર થવા લાગી કે જે જાણે સમગ્ર બ્રહ્માંડ અને ઈતિહાસને છતું કરતી હતી. તેમાંથી બહુ જ ઓછી છબીઓ મને યાદ છે પરંતુ ઉદાહરણ તરીકે એક છબીનું અહીં વર્ણન કરું છું."

"મેં ખૂબ જ વિશાળ કદની ગાય જોઈ. તે કોઈ પર્વતનાં કદ જેટલી વિશાળ હતી. તેની ફરતે ગોળાકારમાં એક નિસરણી રાખેલી હતી અને એક માણસ ધીમે ધીમે પરંતુ મહેનત અને ખંતપૂર્વક તેના પર ચડી રહ્યો હતો. તે માણસ માનવ ઉત્ક્રાંતિને દર્શાવતો હતો. અંતે જ્યારે તે તેની પીઠ પર પહોંચ્યો ત્યારે તેણે તે ગાયનાં બંને શિંગડાં પકડી લીધા. માનવજાતે પૃથ્વીની પેદાશો અને તેનાં આશિર્વાદનો સમગ્ર માનવજાત માટે દાવો કર્યો નહીં કે અમુક માણસો માટે જ. મારા માર્ગદર્શકે તે ગાયને 'ડિમીટર દેવીની ગાય' કહ્યું. પૌરાણિક કથાઓનાં મારા અભ્યાસે મને શીખવ્યું હતું કે ડિમીટર એ એક ગ્રીક દેવી છે કે જે પૃથ્વીનું પ્રતિનિધિત્વ કરે છે."

લગભગ આ જ સમયે તે સ્ત્રીનો પરિચય "સ્વર્ગની પરિષદ" સાથે કરાવવામાં આવ્યો. તેણે જોયું કે આ પરિષદમાં પ્રભાવશાળી લોકોનું એક નાનું જૂથ અર્ધવર્તુળાકારમાં બેઠું હતું. તેઓ પૃથ્વીને લઈને ખૂબ જ વ્યથિત હતાં અને તેમણે એવું નક્કી કર્યું હતું કે પૃથ્વીનો નાશ કરી નાંખવો જોઈએ, પરંતુ આ સ્ત્રીએ એવી આજીજી કરી કે માનવજાતને વધુ એક તક તો

*(અનુસંધાન પાન-૦૪ ઉપર)*

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા**

# સત્ય મીમાંસા

*પ્રસ્તુતિ*
શ્રી સતીષકુમાર મોદી
પૂર્ણાનંદ લોજ, પેટલાદ

સત્યાન્નાસ્તિ પરો ધર્મઃ ।
સત્યેન લભ્યતપસા હ્યેષ આત્મા । – મુણ્ડકોપનિષદ
સત્યસ્ય આત્મા વિદ્યુત આત્મા । તેજસ આત્મેતિ વા અહમેતમુપાસ ઈતિ ॥ – કૌષીતકી ઉપનિષદ
સત્યમેવ જયતિ નાનૃતમ્ । સત્યેન પન્થા વિતતો દેવયાનઃ ॥ – મુણ્કોષનિષદ

## ઉપનિષદ એટલે સત્યસ્ય સત્યમ્

વિખ્યાત ચિત્રકાર પિકાસોના જીવનનો એક પ્રસંગ છે. એનો મિત્ર એની પાસે ગયો અને એક ચિત્ર બતાવીને પૂછ્યું : 'તારું આ પેઈન્ટિંગ અસલી છે કે બનાવટી ?' પિકાસોએ ધારી ધારીને ચિત્ર જોયું અને કહ્યું : 'આ મારું ચિત્ર નથી. બનાવટી ચિત્ર છે'. મિત્રે કહ્યું : 'આ ચિત્ર દોરતી વખતે મેં તને નજરોનજર જોયેલો તેનું શું ?' પિકાસોએ મિત્રને કહ્યું : 'અસલી પિકાસો કાયમ અસલી થોડો હોય છે ?' કેટલું માર્મિક આધ્યાત્મ ?!

સદીઓથી એક શોધ ચાલતી રહી છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લયની પ્રતિક્ષણ ચાલતી લીલાનો લીલાધર કોણ ? કશુંય સમજાતું નથી, તોય શોધ ચાલતી રહે છે. રહસ્ય જેમ ઊંડું, તેમ જીજ્ઞાસા તીવ્ર. ઉપનિષદના ઋષિ આવી જિજ્ઞાસાને બ્રહ્મજિજ્ઞાસા કહે છે.

હું રહસ્યથી વિંટળાયેલો છું એવો ભાવ જીવનભર જાળવી રાખે તે કવિ હોય, મનીષી હોય કે પછી ઋષિ હોય. રહસ્યને વિસ્મયની આંખે નીરખે તે કવિ. રહસ્યને જ્ઞાન-વિજ્ઞાનની પાંખે ઊડીને પરખે તે મનીષી. રહસ્યને દર્શન દ્વારા પામે તે ઋષિ. ઉપનિષદના ઋષિ સૃષ્ટિના રહસ્યને અંતઃસ્ફુરણાના અજવાળે અવલોકે છે અને બ્રહ્મભાવની પાંખે ઊડીને હૃદયાકાશમાં સત્, ચિત અને આનંદની ઉજાણી માણે છે. એ ઉજાણી એટલે અસ્તિત્વનો ઉત્સવ.

વિસ્મયની વચાળે કવિ ન્હાનાલાલની પ્રાર્થનામય પંક્તિઓ યાદ આવી જાય છે :

"સહુ અદ્ભૂતોમાં તુજ સ્વરૂપ અદ્ભૂત નિરખું,
મહાજ્યોતિ જેવું નયન શશિને સૂર્ય સરખું;
દિશાની ગુફાઓ પૃથ્વી ઊંડું આકાશ ભરતો,
પ્રભો ! તે સૌથી એ પરમ તું દૂર ઊડતો."

અદ્ભૂતનો અનાદર જીવનભર થતો રહે છે. સત્યની શોધ બાજુ પર રહી જાય છે અને જીવન પૂરું થઈ જાય છે.

જે. કૃષ્ણમૂર્તિ જેવા મનીષી આપણને જાણે ઊંઘમાંથી જગાડે છે. એમની વાત કાન દઈને સાંભળીએ :

"આપણે સેકન્ડ હેન્ડ લોક છીએ.

**સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા**

યુગોયુગથી માણસ

પોતાનાથી પર અને ભૌતિક કલ્યાણથી પર

એવી કોઈ ચીજ શોધતો રહ્યો છે;

એવી ચીજ જેને આપણે

સત્ય, પરમાત્મા, યથાર્થ કે 'કાલાતીત અવસ્થા'ને નામે ઓળખીએ છીએ.

માણસે હંમેશાં આ પ્રશ્ન પૂછ્યો છે;

આખરે આ બધું શું છે ?

જીવનનો કોઈ અર્થ છે ખરો ?

આપણી અંદર જે અવ્યવસ્થા અને ગરબડ છે તેનું પ્રાથમિક કારણ છે : બીજાઓ દ્વારા પ્રચારિત એવા સત્યની આપણી તલાશ.

સત્યનો કોઈ માર્ગ નથી હોતો

અને એજ તો સત્યનું સૌંદર્ય છે.

સત્ય જીવંત છે, માર્ગો તો એક મરેલી ચીજ સુધી પહોંચવા માટે હોય છે.

સત્ય તો સજીવ છે, ગતિશીલ છે

તેનો કોઈ ઉતારો કે પડાવ નથી.

એ કોઈ મંદિર, મસ્જિદ કે ચર્ચમાં નથી.

એ જીવંત ચીજ તમે પોતે જ છો.

કાલે રાત્રે ભારે વરસાદ પડ્યો

અને હવે આકાશ સ્વચ્છ થઈ રહ્યું છે.

આજના તાજા દિવસે

આપણા અસ્તિત્વનો એક જ દિવસ બચ્યો હોય એ રીતે મળીએ.

ગઈકાલની તમામ વાતો પાછળ છોડીને

આપણે સૌ સાથે યાત્રાએ ઉપડીએ

અને સ્વયંને સમજવાની શરૂઆત કરીએ.''

બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે : 'જે સત્યનું પણ સત્ય છે તે ઉપનિષદ. (તસ્યોપનિષત્ સત્યસ્ય સત્યમ્ ઈતિ)

સત્યનું સત્ય એટલે પરમ અસ્તિત્વ અથવા પરમ સત્ અથવા સુપ્રીમ બેઈંગ. ગ્રીક પરંપરામાં આખરી સત્યને કે પરમ અસ્તિત્વને સમજવાની મથામણ થઈ તેના શાસ્ત્રને અસ્તિત્વ મીમાંસા (Ontology) કહે છે.

સત્ય એક માત્ર પરમાત્મા છે જે આ સત્યને સ્થાપિત નથી કરતો, તે ધર્મ નથી. જો ધર્મમાં આ સચ્ચાઈ ન હોય, તો જીવન પણ નિરર્થક વીતી જાય છે.

અંતમાં સંગચ્છ દવમ્ । આનો ભદ્રા ક્તવતો સન્તુ વિશ્વતઃ । તું તારો આત્મા દીપક બન. ચાલો આપણે સૌ સાથે મળીને ચાલીએ. શુભ વિચારો વિશ્વકલ્યાણાર્થે ઉદ્‌ભવે. આત્મ દીપકમાં સત્યના ઇંધણ દ્વારા શ્રદ્ધાની જ્યોત પ્રગટે તેવી અભ્યર્થના. અસ્તુ !

(મો. : ૯૪૨૬૨૬૦૬૫૬)

ૐ નિવા ઇચ્છા અંબુ શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ અં. મોદીના ૐ શ્રી રાધેકૃષ્ણ એકૈશ
સૌજન્ય : જયેશ, રૂપલ, કિશન, શ્રેયા, યશ (U.S.A.), મનીષ, નૈના, સૃષ્ટિ, અનુશ્રી શાહ પરિવાર, અમદાવાદ લોજ

# ઈશ્વરને જાણ્યા પછી કંઈ જાણવાનું બાકી રહેતું નથી

પ્રસ્તુતિ
શ્રી ભરત ચુડાસમા
અમદાવાદ લૉજ

આપણા મનમાં અનેક પ્રશ્નો તથા જિજ્ઞાસાઓ પેદા થાય છે, પરંતુ એ બધામાં જાણવા યોગ્ય કશું હોય છે ખરું ? ખરેખર તો જે જાણવા યોગ્ય છે તેને જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. મન તો ઘણું બધું જાણવા ઇચ્છે છે, પરંતુ તે બધુ જાણવાથી શો ફાયદો ? ખરેખર જીવનમાં શું જાણવા યોગ્ય છે, તેનો જવાબ ઋષિઓનાં વચનોમાંથી પ્રાપ્ત થાય છે. જેને જાણ્યા પછી બીજું કશું જાણવાનું બાકી રહેતું નથી એ પરમાત્મા જાણવા યોગ્ય છે.

આપણી માનસિક સ્થિતિ બાળકો જેવી છે. ઘણીબધી બાબતોને જાણી લેવાની કોશિશ બાળકો જેવી જ છે. બાળકો ગમે તે પૂછતાં રહે છે, પરંતુ તે સવાલો સાથે એમને કોઈ ઝાઝો મતલબ હોતો નથી. થોડીવાર પછી તેઓ તેમના પ્રશ્ન ભૂલી જાય છે. બાળકોમાં જીજ્ઞાસા ખૂબ હોય છે, તેથી તેઓ પ્રશ્નો પૂછતાં રહે છે.

બાળકોની જેમ ઘણા મોટા લોકોમાં પણ કંઈક જાણવાનું કુતૂહલ હોય છે. તેઓ ઘણીવાર નિરર્થક પ્રશ્નો પૂછતા હોય છે, તેઓ એવા પ્રશ્નો પૂછતા હોય છે કે જેને આપણા જીવન સાથે કે આપણી સમસ્યાઓ સાથે કોઈ લેવાદેવા હોતી નથી. આપણા આત્માનું કલ્યાણ થાય, ઘણા લોકોને તે ખ્યાલ પણ નથી હોતો કે જીવનમાં શું જાણવા યોગ્ય છે અને નથી જીવન ટૂંકું છે, જ્યારે જ્ઞાન તો અનંત છે તેથી સૌપ્રથમ શું જાણવું જોઈએ; જેનાથી આ જીવન સાર્થક અને સફળ થઈ જાય ? પરંતુ આ વાતને બહુ ઓછા લોકો જાણે છે.

પશ્ચિમના મહાન દાર્શનિક બટ્રૅન્ડ રસેલે પોતાનાં સંસ્મરણોમાં લખ્યું છે કે શરૂઆતમાં હું જ્યારે દર્શનશાસ્ત્રનું અધ્યયન કરવા ઉત્સુક હતો ત્યારે મને એવું લાગતું હતું કે દર્શનશાસ્ત્રમાં બધા સવાલોના જવાબ છે. દર્શનશાસ્ત્ર એ એકમાત્ર એવો વિષય છે જેમાં બધા પ્રશ્નોના જવાબ મળી જાય છે. એમાં બધી જ સમસ્યાઓનું સમાધાન છે. અત્યારે મારી ઉંમર ૯૦ વર્ષ કરતાં વધારે છે, જેમ જેમ મારી ઉંમર વધતી ગઈ અને અનુભવ વધ્યો એના આધારે હવે મને સમજાયું કે મારી બધી ધારણાઓ ખોટી હતી. લાંબા સમય સુધી અધ્યયન કર્યા પછી મને લાગ્યું કે દર્શનશાસ્ત્ર પાસે કોઈ જવાબ જ નથી. તેમાં પ્રશ્નો સિવાય બીજું કશું જ નથી. દરેક દાર્શનિક પ્રશ્ન કરે છે કે આવું કેમ છે ? એનું સમાધાન ક્યાંય દેખાતું નથી.

રસેલ કહેતા હતા કે હું વિચારતો હતો કે શોધ કરવાથી મારા પ્રશ્નોનાં જવાબ મળી જશે. એટલા માટે મેં દર્શનશાસ્ત્રમાં આટલાં બધાં વર્ષ સુધી સંશોધન કર્યું તો એટલું જ સમજાયું કે એક પ્રશ્નમાંથી નવા દશ પ્રશ્નો પેદા થાય છે.

દર્શનશાસ્ત્ર તો જુના પ્રશ્નોમાંથી નવા તર્કો કરવાનો ઈતિહાસ છે. એમાં કોઈ પ્રશ્નનો જવાબ નથી. જે લોકો જવાબ આપવાનો પ્રયત્ન કરે છે એમના જવાબોમાંથી લોકો બીજા નવા પ્રશ્નો શોધી કાઢે છે આ પરંપરા ચાલતી જ રહે છે, એ પ્રશ્નોના ઉત્તર ક્યારે મળશે ?

---

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લૉજ**

વાસ્તવમાં એમનું સમાધાન સાચી સાધનામાં છે જ્યાં સુધી અધ્યાત્મના એ અમૃતની ખબર ન પડે, જેને મેળવ્યા પછી કોઈ પ્રશ્ન જ પેદા ન થાય, ફક્ત શાંતિ જ મળે ત્યાં સુધી પ્રશ્નોનો અંત આવતો નથી. ગ્રીસના મહાન તત્વચિંતક સોક્રેટિસનો ચહેરો બેડોળ હતો. પરંતુ જ્ઞાનની બાબતમાં તેઓ તેજસ્વી હતા, પોતાના શિષ્યોને ઉપદેશ આપવાની તેમની પદ્ધતિ નિરાળી હતી. તેઓ શિષ્યોને પ્રશ્નો પૂછીને તેના પર ચિંતન કરી ઉત્તર મેળવવાનું કહેતા, તેઓ શિષ્યોને પૂછતા કે પરમાત્માએ તમને ધરતી પર શા માટે મોકલ્યા છે ? તમારા જીવનનો ઉદ્દેશ્ય શો છે ? શિષ્યો આ બધા પ્રશ્નોનું સમાધાન શોધવાનો પ્રયત્ન કરતા. જ્યાં જરૂર લાગે ત્યાં સોક્રેટિસ માર્ગદર્શન આપતા. ભારતમાં પણ આપણા પ્રાચીન ઋષિમુનિઓ પ્રશ્નોત્તર પદ્ધતિથી જ્ઞાનની તથા પરમતત્ત્વની ચર્ચા કરતા સૂતજી પ્રશ્ન કરે અને બીજા ઋષિમુનિઓ તેનું સમાધાન કરે એવી પરંપરા ચાલતી હતી. પ્રશ્નો પૂછીને ચર્ચા કરવાથી મોટો લાભ એ થાય છે કે દરેક શ્રોતાએ એ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે ગહન ચિંતન કરવું પડે છે, એનાથી તેમનો બૌદ્ધિક તથા આત્મિક વિકાસ થાય છે. શ્વેતકેતુએ ગુરૂ ઉદ્દાલકને પૂછ્યું કે ભગવાન આપણને દેખાતા નથી, તો તેઓ રહે છે ક્યાં ? આ પ્રશ્નનો સીધો જવાબ આપવાના બદલે ગુરૂએ શિષ્યને એક પાત્રમાં પાણી ભરી લાવવાનું કહ્યું. શિષ્ય પાણી ભરેલું પાત્ર લઈ આવ્યો એટલે ગુરૂએ તેમાં મીઠાનો એક ગાંગડો નાખ્યો અને પછી શિષ્યને કહ્યું કહ્યું કે હવે તું એક લાકડીથી તે પાણીને હલાવ. થોડીવાર પછી ગુરૂએ શિષ્યને પાણીમાંથી મીઠાનો ગાંગડો બહાર કાઢવાનું કહ્યું, પરંતુ તે તો પાણીમાં ઓગળી ગયો હતો. પછી ગુરૂએ શિષ્યને તે પાણી ચાખવાનું કહ્યું. શિષ્યે ચાખ્યું તો પાણી ખારૂં લાગ્યું. ગુરૂએ બીજી જગ્યાએથી પાણી આપવાનું કહ્યું તો બીજી વારનું પાણી પણ ખારૂં લાગ્યું. શિષ્યના મનનું સમાધાન કરતાં ગુરૂએ કહ્યું કે બેટા જે રીતે મીઠાનો ગાંગડો આ બધા જ પાણીમાં ઓગળીને ભળી ગયો એ જ રીતે પરમાત્મા પણ આ જગતના અણુએ અણુમાં વ્યાપેલા છે. ભગવાન વગર એક અણુ જેટલી જગ્યા પણ ખાલી નથી.

અધ્યાત્મના ગહન વિષયને ખૂબ સરળ રીતે સમજાવી દેવાની આપણા ઋષિમુનિઓની પદ્ધતિ ખૂબ ઉપયોગી હતી. પ્રશ્નો એવા સાર્થક હોવા જોઈએ, જેમાંથી જીવન જીવવાનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય.

યક્ષે ધર્મરાજ યુધિષ્ઠિરને પૂછ્યું કે મૃત્યુ વખતે બધું જ અહીં છૂટી જાય છે. ભાઈઓ, મિત્રો કોઈ સાથ આપી શકતું નથી, ત્યારે મનુષ્યને કોણ સાથ આપે છે ? કોણ તેનો મિત્ર હોય છે ?

યુધિષ્ઠિરે કહ્યું "દાનં મિત્ર મરિષ્યતઃ" એટલે કે મરનારનો મિત્ર દાન છે. તે જ એને સાથ આપી શકે છે. યક્ષે બીજો પ્રશ્ન પૂછ્યો કે શ્રેષ્ઠ દાન કયું ? યુધિષ્ઠિરે જવાબ આપ્યો કે જે શ્રેષ્ઠ મિત્રની ભૂમિકા ભજવી શકે એ જ શ્રેષ્ઠ દાન છે. યક્ષે ફરી પૂછ્યું "દાન પરં કિ ચ ?" યુધિષ્ઠિરે જવાબ આપ્યો : "સુપાત્ર દત્તમ્" એટલે કે સુપાત્રને આપેલું દાન શ્રેષ્ઠ છે. તે જ મનુષ્યને પુષણફળ આપવામાં સમર્થ હોય છે.

ઉપરની પ્રશ્નોત્તરીમાં બહુ ઉંચી વાતોને અત્યંત સરળ રીતે સમજાવી દેવામાં આવી છે. એવા જ પ્રશ્નો સાર્થક છે, જેના પર ચિંતન કરવાથી માણસને ઉંડું અને સાચું જ્ઞાન પ્રાપ્ત થાય. નકામા પ્રશ્નોની ચર્ચા કરવાથી સમયની બરબાદી સિવાય કંઈ હાથ લાગતું નથી.

(લેખક : મો. નં. : ૯૩૭૫૭૧૫૦૮૦)

# પ્રેમાવતાર ભગવાન ઈસુ

પ્રસ્તુતિ
શ્રી જયંતિલાલ અઢીયા
અમદાવાદ લોજ,

માનવ સમાજને પ્રેરણા આપનાર વ્યક્તિઓમાં ઈસુખ્રિસ્તનું નામ સમગ્ર માનવજાતમાં પ્રેરણારૂપ છે. ફક્ત ખ્રિસ્તી જ નહીં સમગ્ર વિશ્વના માનવીના હૃદયના સિંહાસને બિરાજી રહ્યા છે. તેમના દ્વારા સમગ્ર વિશ્વના માનવીને ત્રિવિધ-સેવા, ત્યાગ અને પવિત્રતાના પંથે ચાલવાની પ્રેરણા મળતી રહી છે, મળતી રહેશે.

આપણા સમગ્ર વિશ્વના તહેવારો આનંદ ઉત્સાહથી ભરપૂર હોય છે. નાતાલ પર્વ - આ પર્વ એક જ પર્વ એવું છે કે જેના દ્વારા બધા એકત્ર મળી શકે છે. વર્ષના ગાળા દરમિયાન એકબીજા વચ્ચે થયેલા મતભેદ-મનભેદ આ દિવસે દૂર થઈ જાય છે અને એકબીજા માટે વેર-પ્રેમની ભાવના દૂર થાય છે અને ભાઈચારા-મિત્રતાનો ઉષ્માભર્યો આવિષ્કાર થાય છે.

ઈસુનો જન્મ એ વિશ્વના ઈતિહાસમાં એક મહાન નોંધપાત્રીય ઘટના છે. ઈસુનો જન્મ ઈ.સ. પૂર્વે ૪માં ડિસેમ્બરની ૨૫મી તારીખે પેલેસ્ટાઈનમાં આવેલ બેથલહેમ ગામમાં એક સામાન્ય ગરીબ એવા સુથાર કુટુંબમાં માતા મેરી અને પિતા જોસેફને ત્યાં થયો હતો.

તે સમયની દંતકથા અનુસાર હેરોદના રાજાને જ્યોતિષીઓએ જણાવ્યું કે, તારો દુશ્મનનો જન્મ પેલેસ્ટાઈનમાં બેથલહેમ ગામમાં થઈ ગયો છે. આથી રાજાએ તે સમયે જન્મેલા નવજાત શિષુના વધના આદેશો આપ્યા હતા. આ સમાચાર સાંભળીને માતા મેરી ઈસુને બચાવવા પોતાના પિયર ''નેઝરથ'' ચાલી ગઈ હતી.

ઈસુનું જીવન એટલે કર્મ અને આચરણનું અનોખું અને અનુપમ સંગમ સ્થાન ગણાય છે. એટલે કે પોતે જે સિદ્ધાંતોનો ઉપદેશ આપવા પ્રયત્ન કર્યો છે તેમણે પોતાના જીવન દ્વારા આચરણ કરીને બતાવ્યા છે. ભગવાન ઈસુ હમેશાં પ્રેમ, દયા, ક્ષમા, પરોપકાર, પવિત્રતા વગેરે માનવોચિત્ત ગુણોનો આગ્રહ રાખતા હતા. તેમણે પોતેજ નૈતિક અને સેવા પરાયણ અને પવિત્ર જીવન દ્વારા આ બાબતની સમગ્ર વિશ્વને પ્રતીતિ કરાવી છે. ''જનસેવા એ જ પ્રભુની સેવા'' એ મુખ્ય સિદ્ધાંતને પોતાના જીવનમાં આદર્શ સ્થાને મૂકીને પોતાના જીવન દ્વારા આચરણ કરીને સિદ્ધ કરી બતાવ્યો. તેમને મન મુખ્ય કાર્ય દુઃખી રોગી, સમાજથી તરછોડાયેલા અને પીડિત લોકોની સેવાનું હતું.

ભગવાન ઈસુએ બીજા સંતો - ધર્મોપદેશકોની જેમ પોતાનો અલગ પંથ ઊભો નથી કર્યો પણ આપણને સર્વને ઈસુમય બનીને જીવવાનું કહ્યું છે. માત્ર વિશ્વબંધુત્વની ભાવનાથી નહીં પણ પ્રેમથી પ્રેરિત જીવન જીવવા કહ્યું છે. કુદરતી તત્ત્વોમાં હવા, પાણી એ હવા પાણી જ છે તે પણ કોઈપણ વ્યક્તિને ઊંચનીચના ભેદભાવ વિના સર્વને મળે છે, તેમ સર્વમાં આપણે પરસ્પર એકબીજાને માટે ''પ્રેમ સ્વરૂપ રૂપ'' ધારણ કરીને સમગ્ર વિશ્વમાં વિહરવાનું છે.

ભગવાન ઈસુનો ઉપદેશ આપવાનું કાર્ય સરળતાથી ચાલતું હતું. તેમની ઉપદેશ આપવાની પદ્ધતિ સાદી, સરળ અને સચોટ હતી. વાર્તાઓ, ટુચકાઓ, દૃષ્ટાંતો, રૂપકો દ્વારા ઊંચામાં ઊંચી ભાવનાઓ ધર્મના સિદ્ધાંતોને તેઓ સરળતાથી - સહજ રીતે સમજાવી શકતાં હતાં. તેમની ધર્મ સભામાં સર્વ કોઈપણ પ્રકારના ભેદભાવ વિના પ્રવેશ મળી શકતા હતા એ નોંધપાત્ર ને સત્ય હકીકત છે.

ભગવાન ઈસુએ પોતાના પ્રથમ બાર શિષ્યોને દીક્ષા આપ્યા બાદ એક દિવસ ઉપર જે ઉપદેશ આપ્યો હતો તેને ''ગિરીપ્રવચન'' (**Sermon on the mount**) તરીકે ઓળખવામાં આવે છે. મહાત્મા ગાંધીજીના જણાવ્યા મુજબ ''ગિરીપ્રવચન'' એ

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત**

બાઈબલની નિમર્ળમાં નિર્મળ અને ઉદાત્ત વસ્તુ છે, તેમાં જે ઉપદેશ છે જે જીવન સંદેશો છે તે મને બહુમાન્ય લાગે છે.'' આ પ્રવચનમાં સમગ્ર ઉપદેશનો માનવજીવનનો સાર સમાયેલો છે. આ ઉપદેશમાં તેઓએ ગરીબોનો અને દુખિયારોનો પક્ષ લીધો છે. તેઓના મતે સહનશીલતા, સરળતા, નમ્રતા, સાદાઈ અને દીનતામાં ભગવાનનું સ્મરણ છે. આ ઉપરાંત ધર્મપ્રિય માણસો એ આધ્યાત્મિક જગતમાં સુખી છે.

ભગવાન ઈસુએ પોતાના ઉપદેશમાં પવિત્રતા, અહિંસા, માનવસેવા, ક્ષમા, પ્રેમ, દયા, બંધુત્વયુક્ત માનવતા, પડોશીધર્મ, અપરિગ્રહ, આત્મનિરીક્ષણ, પ્રભુમાં અતૂટ શ્રદ્ધા, નમ્રતા, ગરીબાઈ, સાદગીનો સિદ્ધાંત, એકેશ્વરવાદ, સંયમ, મન-વચન-કર્મનો સંબંધ વગેરે બાબતોને ગૂંથી લીધેલી છે.

ભગવાન ઈસુ જેવા મહાન સંતના જન્મ સાથે નાતાલનો તહેવાર સંકલાયેલો છે. ડિસેમ્બર માસના છેલ્લા અઠવાડિયામાં આ તહેવારની ઉજવણી કરવામાં આવે છે. આ ધાર્મિક ઉત્સવ હોઈ તે દિવસે ચર્ચ એટલે દેવળને વિવિધ રીતે શણગારવામાં આવે છે. આ દિવસો દરમિયાન દરેક ખ્રિસ્તીના ઘરોમાં એક ચમકતો તારો રાખવામાં આવે છે. આ તારો એ ઈસુના જન્મ સમયે આકાશમાં જોયેલા તારાનું પ્રતિક મનાય છે. આ દિવસે એકબીજાને મળીને મિજબાની કરીને એકબીજાને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે. આ નાતાલનું પર્વ એ ગરીબ-અમીર, શેઠ, નોકર, આબાલ વૃદ્ધને માટે ઉચનીચના ભેદભાવ વિના ઉજવવાનો સૌ કોઈનો આનંદ-ઉલ્લાસનો તહેવાર છે.

સામાન્ય રીતે દરેક ધર્મમાં અને દેશમાં બને છે તેમ આ ધર્મના પ્રસારના તેજ તિમિરથી પ્રભાવિત થતાં પ્રજાનો જોમ-જુસ્સો વધતાં વિઘ્નસંતોષી - વિરોધી પરિબળોએ પણ તેમાં અડચણરૂપ થવા માટેનાં પ્રયત્નો કરવા લાગ્યા. ધાર્મિક જગતમાં પૂર્વ પ્રાચીનકાળથી બનતું આવ્યું છે તેમ ધર્મને ટકાવી રાખનાર તથા સત્યને માટે મરી ફીટનાર એવા ધર્મના વિશ્વરૂપ નેતાને અનેક અવરોધો અને અડચણો-દુઃખો પડે છે તેમ ઈસુ ભગવાનને પણ તે સમયના સત્તાના સ્થાને બિરાજતા અસહિષ્ણુ, ધર્મ વિરોધી અને સત્તા લાલસુ રાજબળે શિરે કાંટાળો તાજ પહેરાવીને વધસ્તંભે ચઢાવ્યા અને તેના શરીરે ખીલા ઠોકાવીને તેમને આ જગતમાંથી વિદાય આપી. પણ પોતાના આ બલિદાનથી માનવજાતના હૃદયમાં તેમનું સ્થાન અવિચળ-અચલ પદ રૂપ બન્યુ છે, તેમાં શંકા છે જ નહીં. મહાન પુરુષોની મહાનતા એ છે કે તેઓ પીડા આપનારને માર્ગમાં કાંટા વેરનારને માટે કદાપિ બુરૂ-ખરાબ ઈચ્છતા નથી પણ તેમના માટે સમગ્ર પ્રકારની કલ્યાણની ભાવના કરીને તે માનવજાત કેમ સુખી થાય તે વિચારે છે.

ટૂંકમાં ઈસુની વાણી, જીવન ઉપદેશ વગેરે બાબતોનું સમગ્ર રીતે મૂલ્યાંકન કરતાં શ્રી સી. એફ. મેડઝ લખે છે કે, ''તેમની વાણી ઉપદેશથી લાખો માનવીના હૃદય પરિવર્તન થયા છે, પ્રત્યેક યુગે (સમયે) તેમની વાણીની સ્મૃતિને તાજી રાખી છે અને તે પ્રમાણે મનુષ્યે એ શબ્દોનું મનુષ્યના હૈયે અને હોઠે સતત રટણ રાખ્યું છે. આજેય એ શબ્દોનું રટણ વિશ્વભરમાં ચાલું રહ્યું છે. આ (ઈસુની) વાણી સમગ્ર માનવજાતની સંસ્કૃતિની મહામૂલી અણમોલ સંપત્તિ છે. તે દેશ-પરદેશના સીમાડાના બંધનને દૂર કરીને કોઈપણ દેશની પ્રજાને માટે ઉચ્ચ જીવન જીવવાની દૃષ્ટિ આપવાને મસર્થ છે અને સક્ષમ છે. આ મહામૂલા વારસાને કારણે આપણી માનવજાતિ સંસ્કૃતિ ગૌરવવંતિ છે અને સમગ્ર વિશ્વમાં તેનું સ્થાન અવિચળ રહ્યું છે. તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

આમ આ ઈસુ ભગવાનની વાણી સમગ્ર જગતને માટે ''વસુધૈવ કુટુંબકમ્''નો આદર્શ મૂર્તિમંત કરે છે. અમૃત અને જનકલ્યાણનું ઔષધ ''એક પિતા પ્રભુ આપણો, એક જ સૌ સંતાન''માં સમાયેલું છે.

(લેખક : મો. નં. : ૯૪૨૮૩૬૨૩૨૭)

---

**સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !**

**સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ**

प्रस्तुति

શ્રીમતિ પરવીન પટેલ
*રેવા લોજ, વડોદરા*

# સાગર પંખી

## ભાગ – ૧

અમેરિકન પાયલેટ રીચાર્જ બચ દ્વારા લિખિત માત્ર ૯૩ પાનાનું નાનકડું પુસ્તક 'જોનાથન લીવીંગ્સ્ટન સીગલ' અત્યંત પ્રચલિત બન્યું છે. ત્રણ વિભાગમાં વહેંચાયેલું આ કથાનું વસ્તુ અત્યંત ટૂંકું છતાં ઊંડાણથી સભર છે. પ્રથમ દૃષ્ટિએ અવલોકન કરતાં નાનાં બાળકને કહી શકાય તેવી બરફનાં મુલકમાં વસતાં સીગલ પંખીની કહાની છે, પરંતુ એના ઊંડાણને આધ્યાત્મિક સાધક ચકાસે તો પોતાની અંગત કક્ષા મુજબ નવીન સમજ અને અર્થ સાંપડે.

પ્રથમ વિભાગમાં જોનાથન નામક સીગલને ઉડ્ડયન અતિપ્રિય હોવાથી તે અંગે નવા પ્રયોગો કરીને પોતાની સીગલ જાતિના સામાન્ય ચીલાચાલુ નિયમોનું ઉલ્લંઘન કરે છે. પરિણામે તે ન્યાત બહાર મૂકાય છે. તેનું બાકીનું જીવન એકાંતવાસમાં ઉડ્ડયનનાં નવા પ્રયોગો કરવામાં વિતાવે છે. પોતાના નિર્ણય અંગે ક્યારેય તેને પશ્ચાતાપ ઉપજ્યો નહિ, પણ એના જાતિબંધુઓમાંથી કોઈએ તેના શિક્ષણનો લાભ નહિ ઉઠાવ્યો તેજ માત્ર ગ્લાનિ થતી હતી.

બીજા વિભાગમાં સ્થૂળ દેહ છોડ્યા પછી ઉડ્ડયનમાં પારંગત એવા સીગલ સમૂહને મળે છે. જ્યાં પ્રજ્ઞાવાન અને વડીલ સીગલબંધુ પાસેથી તે સ્થળ અને કાળની મર્યાદાથી પર એવાં સર્વોચ્ચ ઉડ્ડયનની કળા શીખે છે, સાથેસાથે તેને સૌ પરત્વે પ્રેમભાવ અમલમાં મૂકવાની શિખામણ મળે છે. તેની ઉપર ઊંડું ચિંતન કર્યા બાદ પોતાની ફરજ બજાવીને તે પૃથ્વી ઉપરનાં અન્ય એકલાં અટૂલાં સીગલોને ઉડ્ડયનનું શિક્ષણ આપવા પાછો ફરે છે.

ત્રીજા વિભાગમાં ઉડ્ડયનની કળા શીખવવા મથતાં ન્યાત બહાર મૂકાયેલાં જિજ્ઞાસુ સીગલોને પોતાના શિષ્યગણરૂપે સ્વીકારે છે. એક દિવસ પોતાના શિષ્યમંડળ સહિત સીગલ જાતિબંધુઓ સમક્ષ હાજર થાય છે. ધીમે ધીમે પોતાના ઉડ્ડયન પ્રયોગો અને શિક્ષણ દ્વારા અન્ય સામાન્ય સીગલોને ઉડ્ડયન પરત્વે જાગૃત કરે છે. એનો પટ્ટશિષ્ય પૃથ્વી પરનાં અન્ય સીગલોની દોરવણી કરવા જેટલો તૈયાર થાય છે ત્યારે તેને ઉડ્ડયન અંગે પ્રયોગશીલ બનીને નવું શીખતાં રહી અન્યોને શીખવાડવાનું કહે છે. છેવટે તે પોતે પણ તેના જેવું જ સામાન્ય સીગલ છે અને પોતાના વિશે ખોટી અફવા ફેલાવા માટે ના કહી અદૃશ્ય થાય છે. તેનો પટ્ટશિષ્ય જોનાથનના જાતિબંધુઓને ઉડ્ડયનનો સાચો મર્મ સમજાવી જગાડવાનું ચાલુ રાખે છે.

આટલું નાનકડું કથાવસ્તુ હોવા છતાં તેનું પ્રત્યેક વાક્ય કોઈક ઊંડા તાત્પર્યનું સૂચક છે. જાણે સાંકેતિક ભાષામાં થિયોસોફીની જ્ઞાનસરવાણી વહેવડાવી હોય તેવું લાગે છે. પ્રાચીન સંસ્કૃતિઓનાં સાહિત્યમાં આત્મા અને અમરતાનાં પ્રતીકરૂપે પક્ષી સ્વીકૃત બન્યું છે. ભારતમાં હંસ, ગ્રીસમાં ફીનીક્ષ, ઈરાનમાં સી-મૂર્ગ, ઈજીપ્તમાં ગરૂડ પ્રચલિત બન્યાં છે. પક્ષીનાં પ્રતીક અંગે શ્રી જ્યોફ્રે હોડસન જણાવે છે કે દિવ્યત્વનાં વૈશ્વિક

**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**
**ભાવનગર લોજ**

**(macrocosmic)** અને માનવીય **(microcosmic)** સ્વરૂપની રજૂઆત અંગે પક્ષીનું પ્રતીક પ્રચલિત બન્યું છે. તે શરીર, બે પાંખો ધરાવનારૂં તથા ધરતી ઉપર ચાલી શકતું હોવાથી ત્રિવિધ છે. કેટલાંક પક્ષીઓ પાણી ઉપર તરી શકે છે; તે અવકાશમાં વ્યાપ્ત દિવ્ય તત્ત્વનું સૂચક છે અને હવામાં ઊંડે જઈ શકે છે તે આધ્યાત્મિકતાનું સૂચક છે. તે જ મુજબ માનવ જીવાત્મા ધરતી પર વસેલા માનવીની ચેતના ઉપર અસર પહોંચાડે છે. ભૂતાત્માની ચેતનાને પોતાની અંદર સમાવીને તેની દોરવણી કરે છે અને તેનું ઉત્થાન કરે છે.

કથાની શરૂઆતમાં જ લેખક સામાન્ય સીગલપક્ષી ગણનું વર્ણન કરતાં જણાવે છે કે કેવળ ખાવું, પીવું, લડવું, ઝઘડવું એ સામાન્ય સીગલોની જીવનપ્રવૃત્તિ અને અંતિમ જીવનધ્યેય છે. આવા ટોળામાં એક જોનાથન લીવીંગ્સ્ટન નામધારી સીગલ પણ છે, જેને ઉડ્ડયન અંગે નવું શિક્ષણ મેળવવા અને તે અંગે નવા પ્રયોગો કરવાનો શોખ છે. એના માતપિતા એના આ શોખ અંગે ચિંતિત હોવાથી તેને બીજા સીગલોની જેમ જ જીવવાની શિખામણ આપે છે. આજ્ઞાંકિત જોનાથન શિખામણનો બે ત્રણ દિવસ અમલ કરીને કંટાળી જાય છે. તેને મન આવું એકધારું જીવન અતિસામાન્ય અને સમયના વ્યર્થ બગાડરૂપ છે. આપણી માનવજાતિનો મોટો ભાગ દૈહિક પ્રવૃત્તિમાંજ જીવન વિતાવે છે. તેમાંય કોઈક અમૂર્ત આદર્શને લક્ષમાં રાખી જીવન જીવવા પ્રયત્ન કરે તો તે વિચિત્ર ભાસે છે. જે વ્યક્તિએ અમૂર્તની કંઈક ઝાંખી કરી છે તેને માટે સામાન્ય રીતે જીવવું મુશ્કેલ છે. તે તો અવ્યક્તની દિશામાં જ સદૈવ ઢળવાનો.

ઉડ્ડયનનાં પ્રત્યેક પ્રયોગને અંતે તે કંઈક નવું શીખે છે. ક્યારેક સમતુલન ખોઈ બેસીને સમુદ્રની મધ્યે ગબડે છે, ત્યારે મનોમન વિચારે છે, ''સીગલરૂપે મારી પ્રકૃતિ સીમિત છે, વિશાળ ઉડ્ડયન અંગે મગજમાં નકશા છપાયેલા હોત, વધુ ઝડપ માટે ફેલ્કન જેવી નાની પાંખ હોત અને માછલીઓને બદલે ઉંદરો પરજીવતું હોત ! મારે મારા જાતિબંધુઓની જોડે સીમિત સીગલરૂપે જ જીવવું જોઈએ અને કિનારા તરફ પાછું વળવું જોઈએ.'' અહીં સમુદ્રકિનારે ઊડવાની વાત સુંદર અર્થ સૂચવે છે કે હકીકતમાં સંસાર પણ સાગર સરીખો છે. સામાન્ય જીવનધારા જે આપણા સૌની નિમ્ન પ્રકૃતિનું પ્રતીક છે, જેને આપણા સૌએ જ પાર કરવાનો છે. આત્મિક શિખર સર કરવા મથતો સાધક ઘણીક વેળા ઠોકર ખાઈને નીચે પણ ગબડે છે. રોજિંદી જીવનરીતિ કરતાં કંઈક જુદી રીતે જીવવા પ્રયત્ન કરાય અને શરૂ શરૂમાં મળતી નિષ્ફળતા આપણને હતાશ બનાવે છે, ત્યારે સ્વ-બચાવની પ્રયુક્તિઓ **(Defence-mechanism)** મન દ્વારા રજૂ થાય છે. નિમ્નમન વિવિધ તર્ક-વિતર્કો દ્વારા નવી દિશામાં આગળ વધતું રોકે છે.

જોનાથન મનની તરફ લક્ષ આપ્યા સિવાય રજનીના સૌંદર્યની પ્રશંસા કરવામાં રોકાઈ જાય છે અને ફરી ઊડવાનું શરૂ કરે છે, તે પળેજ તેની હતાશા, દુઃખ તર્ક સઘળુંય નાશ પામે છે. જાવનમાં કંઈક નવું શીખવાની પળ આવે, જેમાં થોડોક શ્રમ લેવો પડે ત્યારે માનવીનું મન માનવીને તે જ્યાં છે ત્યાંજ જુના માળખામાં થંભાવી દેવા માટે અથાક પ્રયત્નો કરે છે. તે પળે મનની ગતિમાં ધ્યાન આપ્યા સિવાય કોઈક બીજી જ પ્રિય વસ્તુમાં ધ્યાન પરોવીને પ્રત્નો ફરીથી ચાલુ કરી શકાય.

---

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

પતંજલિ મુનિએ પણ આજ માર્ગ બતાવ્યો છે. ચિત્ત જ્યારે અયોગ્ય વિતર્કો દ્વારા ગરબડ કરે ત્યારે વિરૂદ્ધ વિચાર પ્રવાહોમાં તેને રોકવું. (એજ માત્ર ઉપાય છે.) ફરી તે વિચારે છે કે સામાન્ય સીગલો રાત્રે ઉડતા નથી, રાત્રે ઉડવા ઘુવડ જેવી આંખો તેની પાસે નથી. તેના પરત્વે લક્ષ આપ્યા સિવાય તે ઊડવાનું ચાલુ જ રાખે છે. આધ્યાત્મિક સાધક સદૈવ જાગ્રત છે, દિવસ અને રાત્રિ જેવાં ભૌતિક પરિમાણોથી તે પર છે. તે તો હંમેશ નવું શીખતો જ રહે છે.

જોનાથનને અચાનક પ્રેરણા મળે છે કે ઊંડે ઊડવા માટે ફેલ્કનની પાંખોની શી જરૂર ? પાંખોને સંકેલી લેવાથી આપોઆપ જ નાની થઈ જાય. પરિણામે ઝડપની ગતિ વધારતો જ જાય છે.તેને માટે તો ઉડ્ડયનની ઝડપી ગતિ જ શક્તિ, આનંદ અને શુદ્ધ સૌંદર્યરૂપ હતી. ઊડતાં ઊડતાં હવામાં વિવિધ "એક્રોબેટીક" ખેલ આરંભે છે. જોનાથન વિચારે છે, "ખાવામાં જ દિવસો વ્યર્થ બરબાદ કરવા કરતાં હવે જીવન કંઈક સાર્થક બન્યું છે. આપણી જાતને અજ્ઞાનતાની ઉપર ઉઠાવીને આપણે શ્રેષ્ઠ બુદ્ધિ અને કૌશલ્યભર્યા પ્રાણીઓ બની શકીએ. તેની આ (ટૂંકી) વિચારધારા રોજિંદી ઘરેડમાં જીવનારાં સામાન્યજનોને ઘણું દર્શાવે છે. કોઈપણ નવી ભૂમિકાનાં ખેડાણ અંગે સતત પ્રયત્નશીલ બનવું અત્યંત જરૂરી છે. આ પ્રયત્નશીલતા સાવ યાંત્રિક ઢબની નહિ હોવી જોઈએ. શિક્ષણની અસરકારતા માટે પ્રયત્નોમાં ખંત, વૈવિધ્ય અને નાવીન્યનો સમાવેશ થયો હોવો જોઈએ. જીવનમાં હરપળે સજાગ રહીએ તો અજ્ઞાનતાની સીમા વીતાવી વધુ વ્યાપક થઈ શકીએ. આધ્યાત્મિક ક્ષેત્રનું ખેડાણ સૌને માટે ખુલ્લું છે, પ્રયત્ન કરનાર સૌ એના ઊંડાણને પામી શકે છે.

ઊંડે ઉડ્ડયન કરવાના પ્રયોગોમાં મળેલી સફળતાને લીધે જોનાથન આનંદની પરમટોચે છે. નીચે એના જાતિબંધુઓને એકત્રિત થેયલા જોઈને મનોમન વિચારે છે કે કદાચ તેઓએ તેનું પરાક્રમ જોયું હશે તેથી નેતા બનાવવા ચાહતા હશે. પણ તેને પોતાને માનની કશીય જરૂર નથી. માત્ર તેનાં જ્ઞાનનાં સૌને ભાગીદાર બનાવવાં છે. નીચે ઉતરતાં તેને ટોળાંની મધ્યમાં ઊભવાનો હૂકમ મળે છે. સીગલ પ્રણાલિકા મુજબ ટોળાં વચ્ચે ઊભવું એટલે ઠપકાભર્યું શરમજનક સૂચન. એનો અર્થ જન્મટીપની સજા. વૃદ્ધ નેતા તેને સંબોધતા જણાવે છે કે સીગલ પરંપરાનાં ભંગ માટે અને બિનજવાબદારી માટે આ શિક્ષા છે. જીવન અજ્ઞાત છે, જાણી શકાતું નથી. માત્ર જન્મ મળ્યો છે તેટલા સમયમાં ખાઈપીને જીવવું અને બને તેટલી જીવાદોરી લંબાવી રાખવી આજ આપણું કર્તવ્ય છે. સામાન્ય જનસમાજની આજ વિચારણા છે. આપણા સૌનું મન સાતત્યને ઝંખે છે, તેથી જ પ્રણાલિકા કે રૂઢિગત પરંપરાના અનુસરણમાં જ એની સલામતી છુપાયેલી છે. પ્રણાલિકા ભંગ કરવો એટલે મનના અસ્તિત્વને પડકારવું. અવિદ્યાથી ભરપૂર મન અસ્મિતા રાગ-દ્વેષ અને અભિન્નિવેષને જ ઇચ્છે છે ! એને જે જ્ઞાત છે તેની સીમા ઓળંગવા માગતું નથી. તેથી બીજું કોઈ તેવી હિંમત કરે તો સમાજમાં સજાપાત્ર ઠરે. (ક્રમશ:)

(મો. : ૯૮૯૮૫૧૨૧૪૬)

---

**સ્વ. ચંદ્રિકાબેન વિજયકુમાર ભટ્ટના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ, ગાંધીનગર લોજ**

# જન્મદિનની શુભેચ્છા


શ્રી ધવલ હર્ષવદન શેઠ

તા. ૧૩ ડિસેમ્બરના રોજ રોહિત લોજના મંત્રીશ્રી ધવલ હર્ષવદન શેઠનો જન્મ દિવસ છે. (જન્મ તારીખ ૧૩.૧૨.૧૯૮૫) 'થિયોસોફિક જ્યોતિ'ના નિયમિત લેખક છે. યુવા કાર્યકર તરીકે સુંદર કાર્ય કરી રહ્યાં છે. દાદા સ્વ. મોહનલાલ શેઠ તથા પિતાશ્રી હર્ષવદન શેઠ અને માતા શ્રીમતિ કાશ્મીરાબેન શેઠને જે 'થિયોસોફીનો' વારસો મળ્યો છે તે તેમને પ્રાપ્ત થયો છે. વ્યવસાયે 'ઝાયડસ કેડીલા'માં ડેપ્યુટી મેનેજર છે. શ્રી ધવલ શેઠને જન્મદિનની શુભેચ્છાઓ !

---


સ્વ. વીરાબેન દસ્તુર

અતિ પ્રિય અને પ્રેરણામૂર્તિ વ્હાલા વીરાબેનને તેમના ૨૭મી ડિસેમ્બરના રોજ ૯૬માં જન્મદિને ખૂબ જ યાદ કરીએ છીએ (જન્મ તારીખ ૨૭.૧૨.૧૯૨૫).

અમે સૌ..... કેશ્વર, રોશન, દીનાઝ, પર્સી, કાર્લ, કેશ્મીરા, બર્ઝીસ, ફ્રેડી, ડાયેના, સરલા, સોનલ

---

## ૧૪૬મું આંતરરાષ્ટ્રીય કન્વેન્શન

૨૦૨૧ – ઓનલાઈન

કન્વેન્શનનો સૂર : **વર્તમાનમાં જીવવું : આંતરિક જીવનનાં પડકારો**

તા. ૨૭ થી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૧ દરમિયાન ચાર દિવસીય કન્વેન્શન ઓનલાઈન યોજાશે. ટી.એસ.ના સભ્યો તથા રસ ધરાવનારાઓને આ કાર્યક્રમમાં રજિસ્ટ્રેશન કરાવવા માટે આમંત્રણ છે. જેની વેબસાઈટ છે <tsconvention.com> રજિસ્ટ્રેશન નિઃશુલ્ક છે. સામાન્યતઃ રૂા. ૫૦૦/- ભારતીય ચલણમાં આવકાર્ય છે જે Donate page – Danamojo પર ઉપલબ્ધ છે.

---

તા. ૩૦ ડિસેમ્બર, ૨૦૨૧ : સમય બપોરે ૧.૩૦ થી ૩.૩૦

ઈન્ડિયન સેક્ષન કન્વેન્શન – II યોજાશે. જેનો મુખ્ય સૂર છે :

**લુક બિયોન્ડ યોર સેલ્ફ (તમારી જાતથી પર થઈને જુઓ)**

---

**સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ**



*સ્વ. વીરાબેન દસ્તુર*

# સ્વ. વીરાબેન સ્મૃતિ શિબિર અંગેની જાહેરાત

દર વર્ષની જેમ ફેબ્રુઆરી મહિનાનાં પ્રથમ રવિવારે સુશ્રી કેશ્વરબેન દસ્તુરના માર્ગદર્શન હેઠળ ઉપરોક્ત શિબિર <u>તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૨ને રવિવારે</u> યોજાશે.

યજમાન લોજ : સનાતન લોજ, સુરત

લોજ સરનામુ : ડૉ. એની બેસન્ટ હોલ, સોની ફળિયા, ગોપીપુરા, હિંદ મિલન મંદિરની પાસે, સુરત

શિબિરના પ્રમુખ સ્થાને : શ્રી વિનાયકભાઈ પંડ્યા (પ્રમુખ, બોમ્બે થિયો. ફેડ.)
(વિષય : બ્રહ્મવિદ્યાનું કાર્ય)

શિબિર પ્રસ્તાવક : કુ. કેશ્વર એસ. દસ્તુર (ભૂતપૂર્વ આં. રા. કોષાધ્યક્ષ, વર્તમાન કોષાધ્યક્ષ, રોહિત લોજ)
(વિષય : સ્વ. વીરાબેનની જીવન ઝરમર)

## : આમંત્રિત વક્તાઓ :

(૧) શ્રી હર્ષવદન એમ. શેઠ (તંત્રીશ્રી 'થિયોસોફિક જ્યોતિ')
(વિષય : બ્રહ્મવિદ્યાની વ્યાવહારિકતા)

(૨) શ્રી નરસિંહભાઈ ઠાકરીયા (રાષ્ટ્રીય વ્યાખ્યાતા, ઉપ-પ્રમુખ, સનાતન લોજ)
(વિષય : બ્રહ્મવિદ્યા પૂર્ણતાનો માર્ગ છે.)

(૩) સુશ્રી ડૉ. વર્ષા પટેલ (પ્રમુખ, રોહિત લોજ)
(વિષય : બ્રહ્મવિદ્યાનું દિવ્ય દર્શન)

(૪) ઉસ્તાદ ગુલામ ફરીદ વ્હોરા (સનાતન લોજ, સુરત)
(વિષય : ધ્યાનમાં ઓમકારનું મહત્ત્વ)

## : શિબિરનો કાર્યક્રમ :

સવારે ૯ થી ૯.૪૫ ચા-નાસ્તો
સવારે ૧૦ થી બપોરે ૧.૩૦ પ્રસ્તાવના તથા આમંત્રિત વક્તાઓનાં પ્રવચનો
બપોરે ૧.૩૦ સ્વરુચિ ભોજન અને વિદાય

**ખાસ નોંધ :** ઉપરોક્ત શિબિરનું રજિસ્ટ્રેશન નિઃશુલ્ક છે. શિબિરમાં ભાગ લેનાર સભ્યોનાં નામ જે-તે લોજ મંત્રીશ્રીઓએ તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૨ સુધીમાં સુરત લોજનાં પ્રમુખ કે મંત્રીશ્રીને નીચે જણાવેલ ફોન પર જણાવવા.

(૧) શ્રી ઉદયકુમાર પાકાવાલા (પ્રમુખશ્રી – મો. : ૭૯૮૪૦૧૮૧૮૫)
(૨) શ્રી હિતેશ પટેલ (મંત્રીશ્રી – મો. : ૮૧૪૧૭૭૭૨૩૬)

**અભ્યર્થના : ફેડ.ના સૌ સભ્યો મોટી સંખ્યામાં હાજર રહીને શિબિરને સફળ બનાવે.**

## શ્રદ્ધાંજલિ



સ્વ. નિર્મળાબેન એસ. વ્યાસ

**શ્રીમતિ નિર્મળાબેન એસ. વ્યાસ (ડિપ્લોમા નં. ૮૨૧૩૭) તા. ૨૭.૧૦.૨૦૨૧ના રોજ અક્ષરધામ થયા છે. શ્રી પૂર્ણાનંદ લોજ, પેટલાદમાં તેઓએ પ્રમુખ, ઉપ-પ્રમુખ તરીકે સેવાઓ આપેલી. સક્રિય અને સિનિયર સભ્ય તરીકે તેમની આગવી પ્રતિભા હતી. થિયોસોફીને સ્પર્શતાં વિષયો પર તેમનું વક્તવ્ય પ્રેરણાદાયી બનતું. લોજ મીટીંગો અને ફેડ.ના અભ્યાસવર્ગ – અધિવેશનોમાં હાજર રહેતા. વ્યવસાયે શિક્ષિકા એવા મૃદુભાષી, શાંત અને સૌમ્ય નિર્મળાબેનની અંતિમ વિદાયથી પૂર્ણાનંદ લોજ તથા ફેડ.ના સૌ સભ્યો દુ:ખની લાગણી અનુભવે છે અને સ્વર્ગસ્થને શ્રદ્ધાસુમન અર્પે છે.**

## શ્રદ્ધાંજલિ

**હરજીવન આશ્રમ, કડોલી લોજના સક્રિય, અત્યંત સેવાભાવી, આજીવન શૈક્ષણિક કાર્ય કરતા રહેલાં તથા નિસ્વાર્થી એવાં શ્રી શંકરભાઈ હીરાભાઈ પટેલના ધર્મપત્ની શ્રીમતિ કમળાબેનનું નિધન તા. ૧ નવેમ્બર, ૨૦૨૧ ને સોમવારે થયેલ છે. સ્વર્ગસ્થના આત્માને શાંતિ પ્રાપ્ત થાય અને શ્રી શંકરભાઈ તથા કુટુંબીજનોને સાંત્વના પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સાથે લોજના તથા ફેડ.ના સૌ સભ્યો શ્રદ્ધાસુમન અર્પે છે.**

**'થિયોસોફિક જ્યોતિ'** દ્વારા આપણા સભ્યોની, તેમના કુટુંબીજનો તથા સહૃદયી સંબંધીઓ તથા મિત્રોની **"જન્મદિનની શુભેચ્છા"**, **"લગ્ન તિથિ શુભેચ્છા"** (મેરેજ એનીવર્સરી), કૌટુંબિક સભ્યો-સંબંધીઓનાં **"શુભ પ્રસંગો"** અને **"યાદગીરિ-સંભારણા"** (આત્મિક શ્રદ્ધાંજલિઓ) **'સૌજન્ય'** દ્વારા જે-તે મહિનામાં પ્રકાશિત કરીને સૌજન્યતા પાઠવીએ છીએ.

**રૂ.** ૧૦૧/- (ઓછામાં ઓછા... વધુ રકમ સ્વેચ્છાએ...) **'GTF Jyoti Prakashan Fund' Central Bank of India (Sardarnagar Area Branch, Bhavnagar, 01360) A/c. No. 1871957084 IFSC : CBIN0281360**માં જમા કરાવ્યાથી આ પ્રકારનું **'સૌજન્ય'** વ્યક્ત કરતાં રહીશું તથા **'થિયોસોફિક જ્યોતિ'** ફંડને આર્થિક સહયોગ આપતા રહીશું.

***ખાસ નોંધ : આગામી મહિનાઓમાં જે કોઈ સભ્ય પોતાના "શુભેચ્છા–સૌજન્ય" પ્રકાશિત કરવા ઈચ્છતાં હોય તેઓએ તંત્રીશ્રીનો સંપર્ક કરવો.***

# શાખા સમાચાર

- **રોહિત લોજ, અમદાવાદ :- (દર શનિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન આયોજીત ઈ–મીટીંગ્સ) :**
  ઓક્ટોબર દરમિયાન બીજીએ ડૉ. એની બેસન્ટની આત્મકથા વિષે સનાતન લોજ, સુરતનાં પ્રમુખ શ્રી ઉદયભાઈ પાકાવાલા, ૯મીએ "મન અને માંદગીનો સંબંધ" વિષે રેવા લોજ, વડોદરાનાં ડૉ. કિરણ શીંગલોત, ૧૬મીએ "दुर्गा सप्तशती में मानवीय विकास क्रम का रूपक" વિષે આંતરરાષ્ટ્રીય વ્યાખ્યતા શ્રી શિખર અગ્નિહોત્રીએ, ૨૩મીએ "મન સાથે મૈત્રી" વિષે અમદાવાદ લોજના પ્રમુખ શ્રી રમેશભાઈ ડોલિયા તથા ૩૦મીએ "આત્માનું નિર્માણ - એક અલૌકિક પ્રક્રિયા" વિષે રોહિત લોજના પ્રમુખ ડૉ. વર્ષા પટેલે પ્રવચનો કર્યા.
- **અમદાવાદ લોજ, અમદાવાદ :- (દર બુધવારે સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન યોજાતી સભાઓ) :**
  નવેમ્બર દરમિયાન ૧૦મીએ "સ્વ"ની ખોજ વિષે સુશ્રી અનસુયાબેન દેસાઈ, ૧૭મીએ "સાધન ચતુષ્ટય યોગજીવન" વિષે સુશ્રી વર્ષા પટેલ અને ૨૪મીએ "ચૈતન્યાનુભૂતિ" વિષે શ્રી રમેશભાઈ ડોલિયાએ પ્રવચનો કર્યા.
- **સનાતન લોજ, સુરત :- (દર બુધવારે સાંજે ૫.૦૦ વાગે યોજાતી સભાઓ) :**
  નવેમ્બર દરમિયાન ૩જીએ "શ્રીકૃષ્ણ-પરમ ચૈતન્ય" વિષે ડૉ. દિપિકાબેન પાઠકજી, ૧૦મીએ "આપણે પૃથ્વીનાં ટ્રસ્ટી છીએ" વિષે શ્રી નરસિંહભાઈ ઠાકરીયા અને ૧૭મીએ "આંતરરાષ્ટ્રીય થિયોસોફિકલ સોસાયટીનો સ્થાપના દિન" વિષે શ્રી ઉદયકુમાર પાકાવાલાએ પ્રવચનો કર્યા. ૨૪મીએ સુશ્રી પ્રતિભાબેન પારેખે ભારત સમાજ પૂજા કરાવી.
- **ત્રિવેણી કાર્યક્રમ :- (દર મંગળવારે સાંજે ૬.૩૦ થી ૮.૦૦ દરમિયાન રેવા લોજ, રોહિત લોજ તથા જ્યોતિ લોજ, મુંબઈના સંયુક્ત ઉપક્રમે યોજાતો કાર્યક્રમ) :**
  ઓક્ટોબર દરમિયાન પાંચમીએ "અલેગરી ઈન દુર્ગા સપ્તસતી" વિષે અંગ્રેજીમાં શ્રી શિખર અગ્નિહોત્રી, હિંદીમાં સુશ્રી રંજનબેન વૈદ્ય અને ગુજરાતીમાં શ્રીમતિ અર્ચનાબેન મુનશીએ રજૂઆત કરી. ૧૨મીએ "ઈસોટેરીક સિગ્નિફીકન્સ ઓફ કાશી" વિષે અંગ્રેજીમાં સુશ્રી વિભા સક્સેનાએ પ્રવચન આપ્યું. જેનું હિન્દીમાં "काशी का गूढ महत्त्व" વિષે સુશ્રી સુર્વલીના મોહન્તી અને ગુજરાતીમાં નેશનલ લેક્ચરર શ્રી નરસિંહભાઈ ઠાકરિયાએ રજૂઆત કરી. ૧૯મીએ "भगवदगीता के संक्षीप्त तत्त्व" વિષે મુંબઈ ફેડરેશનનાં શ્રી નવિનકુમારે પ્રવચન કર્યું. જેનું અંગ્રેજીમાં ભાષાંતર શ્રી નંદકુમાર રાઉત અને ગુજરાતીમાં ભાષાંતર શ્રી નરસિંહભાઈ ઠાકરીયાએ કર્યું. ૨૬મીએ "ધી નેચર ઓફ કોન્સીયસનેસ એન્ડ મિસ્ટરી ઓફ ટાઈમ, પાર્ટ-૨" વિષે અંગ્રેજીમાં સુશ્રી સોનલ મુરલીએ અડ્યારથી પ્રવચન કર્યું. જેનો હિન્દીમાં અનુવાદ શ્રી હર્ષવદન શેઠ અને ગુજરાતીમાં સુશ્રી રંજનબેન વૈદ્યએ કર્યો.
- **શ્રી પૂર્ણાનંદ લોજ, પેટલાદ :-** તા. ૧૧.૧૧.૨૦૨૧ ગુરૂવારના રોજ રેડક્રોસ ભવન, પેટલાદ ખાતે સ્વર્ગસ્થ નિર્મળાબેન એસ. વ્યાસ સ્મૃતિ શિબિર યોજાઈ. પેટલાદ લોજનાં સભ્યોએ ભાગ લીધો. સ્વ. નિર્મળાબેન વ્યાસનાં પતિ શ્રી ડૉ. મનુભાઈ દવેએ સ્મૃતિ શિબિરમાં મુખ્ય સ્થાન શોભાવ્યું તથા વ્યાસ પરિવારનાં સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા. સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ અર્પતા શ્રી સતીશભાઈ મોદીએ ગીતાનાં પંદરમાં અધ્યાય દ્વારા ગીતાંજલી અર્પણ કરી. લોજ પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ પટેલે વ્યાસ પરિવારને આવકારીને ભાવાંજલિ વ્યક્ત કરી.
  મંત્રીશ્રી ગીરીશ "નિલગીરી"એ 'મૃત્યુનું મહાત્મ્ય' તથા સ્વ. નિર્મળાબેન વ્યાસ સાથેનાં વર્ષોનાં સંસ્મરણો યાદ કર્યા. શ્રી મનહરભાઈ આર. પટેલે સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ અર્પતા તેમનાં લોજ કાર્યો વિષે જણાવ્યું. વ્યાસ પરિવારમાંથી શ્રી અંકિતભાઈ ઉપાધ્યાય, અંજલિ ઉપાધ્યાય, પૂનમબેન વ્યાસ, ભાવનાબેન વ્યાસ, સુધાબેન વ્યાસ તથા શ્રી જગદીશ મેકવાને પોતાના સંસ્મરણો રજૂ કર્યા. ડો. પ્રતિક્ષાબેન શાહે પણ પોતાનાં સંસ્મરણો રજૂ કર્યા.
  ડો. મનુભાઈ દવેએ પોતાની પત્નીનાં જીવનનાં સંસ્મરણો રજૂ કરતાં પૂર્ણાનંદ લોજનો આભાર માન્યો. સમગ્ર સ્મૃતિ શિબિરમાં શ્રી સૂર્યકાંતભાઈ પટેલ, શ્રી સૌરભ મેનગર, શ્રી હસમુખભાઈ મિસ્ત્રી, દિપાલી પટેલ તથા શ્રી પ્રતિક શ્રીમાળીનો સહયોગ રહ્યો. શિબિરનું સંચાલન શ્રી મહેશભાઈ પટેલે કર્યું. તેમણે ફેડરેશન પ્રમુખ શ્રી નરેશભાઈ ત્રિવેદીનો તથા મંત્રીશ્રી દર્શનભાઈનો શોક સંદેશ રજૂ કર્યો. બપોર પછી પ્રીતિભોજન સાથે શિબિરનું સમાપન થયું.

RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2021/2023 valid upto 31st December-2023 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.


**Printed Matter Periodicals** **THEOSOPHIC JYOTI** **December–2021**

**To :**

**If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH**
**9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.**

## આપણો પુસ્તક પ્રેમ...

## "હિંસાની પેલે પાર"




પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ● મૂળ રચનાકાર : જે. કૃષ્ણમૂર્તિ
અનુવાદક : શ્રી હર્ષદ મ. દવે (રેવા લોજ, અમદાવાદ)

પ્રસ્તુત પુસ્તક વિષે તેના અનુવાદક શ્રી હર્ષદભાઈ દવે જણાવે છે : "હિંસાની પેલે પાર" (બિયોન્ડ વાયોલન્સ) પુસ્તકનો અનુવાદ મેં ૨૮ વર્ષ પહેલાં કર્યો હતો. જે. કૃ.નાં પુસ્તક સાથે મારો પરિચય એ સમયે કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનનાં મારા એક સ્નેહીએ કરાવેલો. જે. કૃ.ના વિચારોથી હું પ્રભાવિત થયો. હિંસા શારીરિક હોય કે માનસિક, તે માનવીની દુર્બળતા છે. શું આ દુર્બળતા દૂર કરવી શક્ય છે ? શું હિંસાથી જુદી જ માનસિક સ્થિતિનુંસર્જન કરવું શક્ય છે ? એમ તેઓ દરેક માનવીને પૂછે છે.

પ્રસ્તુત પુસ્તકમાં તેર પ્રકરણોમાં તેઓ હિંસા સંદર્ભે આંતરિક ક્રાંતિ, માનસિક ક્રાંતિ, સત્ય, ધ્યાન અને મન વિષે તથા બીજા શિર્ષકો હેઠળ જે વાર્તાલાપો આપે છે તે મનનીય છે. મેં જે. કૃ.ના દરેક ગ્રંથો અને નવ પુસ્તિકાઓનો અનુવાદ કર્યો છે. તેમાંથી અત્યારે માત્ર "જે. કૃ. જીવનચરિત્ર" (પુપુલ જયકર) જ પ્રાપ્ય છે. સુજ્ઞ પાઠકોને મારા દ્વારા અનુવાદિત અન્ય ગ્રંથો પુસ્તકાલયોમાં મળી શકે."

*પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ*
*માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧*
*મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦*

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH